**<u>કડીના મહેરબાન બીજા એડી. ચીફ જ્યુડી.મેજી. સાહેબની કોર્ટમાં, મુ.કડી.</u>**

**ક્રિમીનલ કેસ નં.૧૩૧૮/૨૦૨૪**

**આંક –**

**ફરીયાદી......** **શ્રી સરકાર...**

**<u>વિરૂધ્ધ</u>**

**આરોપી.......** **રાવળ સંજયકુમાર ઉર્ફે ઠુંઠીયો દિલીપભાઈ ભીખાભાઈ**
**રહે. કલ્યાણપુરા વિમલરોડ, રાવળવાસ, તા.કડી, જી.મહેસાણા.**

<u>ગુન્હો : ધી ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ,૨૦૧૭ની કલમ : ૬૫ – એએ મુજબ..</u>

<u>–:: ઠ રા વ ::–</u>

**(૧)** આ કામના તહોમતદાર વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ,૨૦૧૭ની કલમ : ૬૫ – એએ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનું તહોમત છે. આરોપી આજરોજ પોતે ગુન્હાનો પસ્તાવો વ્યકત કરી ગુન્હાનો સ્વીકાર કરવા માંગતા હોવાની રજુઆત કરી ગુન્હાની કબુલાત સબબ અલાયદી પુરસીસ રજુ રાખી હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

**<u>(૨) આ કામે આરોપી સામેના તહોમતને ધ્યાને લેતા ૩ વર્ષ સુધીની કેદ અને દંડની છે. તહોમત સબબ લઘુત્તમ સજાની કોઈ જોગવાઈ નથી. ભારતીય ન્યાયવિધી ધ્વારા ગુન્હા પ્રત્યે ધ્વારા સુધારાત્મક થીયરી સ્વીકારેલ છે તે સંજોગોમાં આરોપીને સુધરવાની તક મળે તે વાતાવરણ પુરૂ પાડવાની કોર્ટની ફરજ છે.</u>** આરોપીની સજા નકકી કરતા સમયે એ હકિકત ધ્યાને લેવી અતિ મહત્વની માનુ છુ કે ભારતીય ફોજદારી વિધિમિમાંસા મુજબ ભારતે સુધારાત્મક થીયરી અપનાવેલી છે અને તે મુજબ આરોપીને ગુન્હાના કામે તકસીરવાર ઠર્યા બાદ પણ સુધારાત્મક વાતાવરણ મળી રહે તે જોવાની કોર્ટની ફરજ છે આમ ઉપરોકત તમામ હકિકતે નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

<u>–:: હુ ક મ ::–</u>

(૧) આથી આરોપી **રાવળ સંજયકુમાર ઉર્ફે ઠુંઠીયો દિલીપભાઈ ભીખાભાઈને** તેમની સામેના આક્ષેપીત તહોમત **<u>ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ, ૨૦૧૭ની કલમ : ૬૫ – એએ મુજબ</u>** ના તહોમત સબબ તકસીરવાર ઠરાવી **<u>રૂ. ૨૦૦/–</u>** નો દંડની સજા નો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરવાને પરીણામે આરોપીને વધુ દિન–૪ની સજાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૧૪ મી માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગની નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા.૧૪/૦૩/૨૦૨૬
કડી.

**(મંથનકુમાર ભાલચંદ્ર પુરોહિત)**
બીજા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, કડી
કોડ નં.જી.જે.૦૧૪૧૧